**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૯ ટકા

# પિડીયાટ્રીક વોર્ડ માંકડના ત્રાસથી ૪ દિવસથી બંધ

## ગાદલા તપાવવાની તેમજ દવા છંટકાવની કામગીરી પુરજોશમાં શરૂ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર હોસ્પિટલનો પિડીયાટ્રીક વોર્ડ છેલ્લા ચાર દિવસથી તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો છે. બાળકોના વોર્ડમાં રાખવામાં આવેલ બેડ પરના ગાંદલામાં માંકડનો ત્રાસ અતિશય વધી જવા પામ્યો છે. વોર્ડ રહેલા બાળદર્દીઓને અન્યત્ર વોર્ડમાં ખસેડવાની તંત્ર ને ફરજ પડી છે. અત્યારે હાલના સમયે તંત્ર દ્વારા વોર્ડ બંધ રાખીને દવા છંટકાવની કામગીરી તેમજ માંકડ કયાંથી આવી રહી છે તે જાણવાનો પ્રયત્ન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક પછી એક સમસ્યા માથું ઉંચકી રહી છે. હોસ્પિટલમાં એક તરફ દર્દીઓનો ભારે ધસારો રહે છે.ઓપીડી અને ઈન્ડોર ઈમારત દર્દીઓથી છલકાય છે. ત્યારે નવા બિલ્ડીંગના પ્રથમમાળે આવેલ પિડીયાટ્રીક વોર્ડમાં ૩૦ જેટલા બાળદર્દી રાખી શકાય તેવી વ્યવસ્થા છે. આ વોર્ડમાં રાખવામાં આવેલ બેડ પરના મોટાભાગના તમામ ગાદલામાં માંકડનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. ગાંદલામાં માંકડ હોવાથી બાળદર્દીને કરડતા દર્દી હેરાન પરેશાન થઈ જતું હતું. હોસ્પિટલના કર્મચારીઓએ ગાંદલા તપાસતા માંકડ નિકળતા ઉચ્ચકક્ષાએ રજુઆત કરીને ગાંદલા ધાબા પર તપાવવા માટે મુક્યા હતા. છતા માંકડનો ત્રાસ ઓછો થવા પામ્યો નથી. આખરે તંત્રએ વોર્ડમાંથી બાળદર્દીને રીફર કરીને સામેની બાજુના વોર્ડમાં તેમજ સાતમા માળે આવેલ વોર્ડમાં ટ્રાન્સફર કરીને વોર્ડને તાળાબંધી કરી દીધી છે. તો બીજી તરફ માંકડ સંપૂર્ણપણે નાબુદ કરવા તેમજ ક્યાંથી આવે છે તે જાણવા માટે તંત્ર કામે લાગી ગયું છે. જયારે અત્યારે હાલના સમયે વોર્ડમાં દવા છંટકાવની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. વોર્ડની સાફ-સફાઈ કરીને ચકાચક કર્યા બાદ જ બાળદર્દીને વોર્ડમાં દાખલ કરવામાં આવશે તેમ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે બાળદર્દીના વોર્ડની તાળાબંધી માંકડ વિનાની થઈ ને ક્યારે ખુલે તેની રાહ દર્દીઓ જોઈને બેઠા છે.



### આઈ લવ માય ગાંધીનગર



**સતીષ ટી. પટેલ**
ડિરેક્ટર-ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી, ગાંધીનગર

**ગાંધીનગર ગમે**

આ શહેરમાં ગામડાંમાંથી આવેલા મારા જેવાને સરકારશ્રી તરફથી પ્લોટ મળતા મકાનમાલિક થયો. અનેક ધર્મિક, સામાજિક, શૈક્ષણિક સંસ્થા, પર્યાવરણીય મંડળો, સેવાભાવી સંસ્થાઓ સાથે નાતો બંધાયો છે તેમજ શાંત લીલોતરીવાળું શહેર હોવાથી મને ગમે છે.

**નગરજનો**

શહેરમાં યુ.પી., તામિલનાડુ, બંગાળ, સૌરાષ્ટ્ર તથા સમગ્ર દેશના લોકો સાથે હળવા-મળવા-રહેવા મળ્યું અને નગરજનો શુધ્ધ આચાર-વિચારવાળા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ધાર્મિક, સેવાભાવી, પુસ્તકપ્રેમી, પર્યાવરણલક્ષી, દર્દીની સેવા કરવાવાળી અનેક સંસ્થાની પ્રવૃત્તિઓ ખૂબ સારી છે અને તેઓના સભ્ય તરીકે કામ કરવાનો લાભ મળ્યો.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતાના આગ્રહી બનીએ તથા કાયદો અને વ્યવસ્થા હંમેશા સારી રહે તેવો પ્રયત્ન કરીશ.

**નગર માટે હું કરી શકું**

નિઃસ્વાર્થ ભાવે મારા થકી થતી દરેક સેવા કરવા હંમેશ તત્પર છું.

## વિજ્ઞાન કોલેજના મેગા જોબફેરમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓના કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે સરકારી વિજ્ઞાન કોલેજમાં આજે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જોબફેરમાં ૧૪ જેટલી કંપનીઓએ વિદ્યાર્થીઓના કેમ્પસ ઈન્ટરવ્યુ કર્યા હતા. આ જોબફેરમાં આશરે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ કેમ્પસ ઈન્ટરવ્યુમાં સામેલ થયા હતા.

સરકારી વજ્ઞાન કોલેજ ખાતે સર્વ પ્રથમવાર જોબ ફેરનુ આયોજન કરાયું હતું. આ જોબફેરમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ ઉપરાંત ઈન્ફર્મેશન ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રની ૧૪ કંપનીઓએ ભાગ લીધો હતો. આ જોબફેરમાં વિજ્ઞાન કોલેજ ઉપરાંત આઈટીઆઈનો કોર્સ કરેલા વિદ્યાર્થીઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા. જોબફેરમાં યોજાયેલ કેમ્પસ ઈન્ટરવ્યુમાં વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી એક દિવસ અગાઉ કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયા તથા સ્ટાફ દ્વારા એક મોક સેશન યોજી ઈન્ટરવ્યુ માટે તાલીમ તથા જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

## સુઘડથી તપોવન સર્કલ વચ્ચે બાઈકચાલક સાથે લુંટનો પ્રયાસ

### સીટી પલ્સ થિયેટરના મેનેજર મોડી રાત્રે થિયેટરથી ઘરે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ઉભા રહી ગયેલા ચાર લૂંટારૂઓએ લુંટનો પ્રયાસ કર્યો : સમયસુચકતા દાખવીને ત્વરીત લીધેલા નિર્ણયે તેમને બચાવ્યા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીર રાંદેસણની સીમમાં આવેલી સીટી પલ્સ થિયેટરના મેનેજરને રાત્રી દરમિયાન સુઘડથી તપોવન સર્કલ વચ્ચે અંધારપટ્ટ રસ્તામાં લુંટી લેવાનો પ્રયાસ થતા ચકચાર મચી જવા પામી છે. રાત્રે લાકડી અને પાઈપ લઈને રસ્તા વચ્ચે ઉભા રહી ગયેલા લુંટારૂઓ પર ધ્યાન પડી જતા સમયસુચકતા દાખવી બાઈકનો યુ ટર્ન મારવાના ત્વરીત લીધેલા નિર્ણયે તેમને બચાવી લીધા હતા. જો કે લૂંટારૂઓએ તેમનો પીછો કરી પાઈપ છુટ્ટી ફેંકી બાઈક રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ લુંટારૂઓ નિષ્ફળ રહ્યા હતા. સુઘડના ગ્રામજનો અને પોલીસે એક કલાક સુધી આ વિસ્તારમાં શોધખોળ આદરીને લૂંટારૂઓને પકડવા પ્રયત્ન કર્યો પરંતુ લુંટારૂઓ અંધારામાં ઓગળી ગયા હતા. જો કે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

અમદાવાદના ચાંદખેડા ખાતે રહેતા તેજસભાઈ પટેલ ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલી સીટી પલ્સ થયેટરમાં મેનેજર તરીકે નોકરી કરે છે. સોમવારે રાત્રે થિયેટરમાં તમામ શૉ પૂર્ણ થયા બાદ તેજસભાઈ પોતાનું બાઈક લઈને ઘરે ચાંદખેડા જવા નીકળ્યા હતા. સવા એક વાગ્યાના અરસામાં કોબા સર્કલ વટાવીને સુઘડ નર્મદા કેનાલ પાસેથી તેઓ પસાર થયા ત્યારે તપોવન સર્કલ પહેલા રસ્તાની સાઈડમાં તેમને ચારેક વ્યકિતઓ ઉભેલા દેખાયા હતા. રસ્તો સુમસામ હતો. બાઈક થોડું આગળ તપોવન સર્કલ તરફ લઈને તેજસભાઈ ગયા તો રસ્તાની બાજુમાં ઉભેલા ચારેય શખ્સો રસ્તા વચ્ચે આવી ગયા હતા. બાઈકની લાઈટનું અજવાળુ તે શખ્સો પર પડયું તો હાથમાં લાકડી અને પાઈપો દેખાતા તેજસભાઈ સમજી ગયા હતા કે તે શખ્સો કયા ઈરાદે ઉભા છે. ત્વરીત યુ ટર્ન મારવાનો નિર્ણય લઈ તેજસભાઈએ બાઈક યુ ટર્ન મારી ફુલ સ્પીડમાં ભગાવ્યું હતું. લુંટારૂઓએ બાઈક પાછળ દોટ મુકી અને લુંટારૂઓને લાગ્યું કે હવે બાઈકચાલક તેમને હાથ લાગે તેમ નથી એટલે ચાર પૈકી એક શખ્સે છુટ્ટી પાઈપ બાઈક પર ફેંકી હતી. બાઈક પાછળ પાઈપ વાગી પરંતુ સદનસીબે બાઈકનું સ્ટીયરીંગ ફગ્યુ નહીં. લુંટારૂઓથી બચીને તેજસભાઈ સુઘડ ગામ તરફ આવી ગયા હતા. ત્યાં ચાની કીટલી પાસે ઉભેલા ગ્રામજનોને ઘટના અંગે જાણ કરતાં ગ્રામજનોનું ટોળુ અને ત્યાંથી તે જ સમયે નીકળેલી પોલીસની પીસીઆર વાન ઘટના સ્થળે પહોંચી હતી એક કલાક સુધી લુંટારૂઓની શોધખોળ કરી પરંતુ તેઓ હાથ લાગ્યા ન હતા. નોંધનીય બાબત છે કે કોબાથી તપોવન સર્કલ વચ્ચેના આ માર્ગ પર સ્ટ્રીટલાઈટો છે પરંતુ ઘણા સમયથી બંધ હાલતમાં છે અને આ બંધ લાઈટનો લાભ લૂંટારૂ ટોળકીએ ઉઠાવ્યો હતો.

## ગિયોડ ગામમાં મધરાત્રે પશુ ચોરતી ટોળકી ત્રાટકી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પશુ ચોરતી ટોળકીનો આતંક વધી ગયો છે. ગઈ રાત્રે ગિયોડ ગામની સીમમાં એક તબેલામાં આ ટોળકી વાહન લઈને ઘુસી ગઈ હતી. એક ભેંસની ઉઠાંતરી આ ટોળકી કરી રહી હતી ત્યારે બીજી ભેંસોએ ભાંભરવાનું શરુ કરી દેતા પશુપાલક જાગી ગયો હતો. તબેલામાં જઈને જોયું તો ચાર શખ્સો ભેંસને એક વાહનમાં ભરીને ભાગી રહ્યા હતા. આ મામલે પશુપાલકની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે

ગાંધીનગર શહેરના સેકટર-૨-બી પ્લોટ નં. ૨૪૯/૧ ખાતેહાલ રહેતા અને મુળ ગિયોડ ગામના રહેવાસી રાજેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિના તબેલામાં ગઈ રાત્રે પશુ ચોરતી ગેંગ ત્રાટકી હતી. વાહન લઈને આવેલી આ ગેંગ તબેલામાં ઘુસી અને એક ભેંસને છોડીને ઉઠાવી ત્યારે તબેલામાં બાંધેલી બીજી ભેંસો ભાંભરવા લાગી હતી. ભેંસોના ભાંભરવાના અવાજ સાંભળીને ઉઠી ગયેલા પશુપાલક તબેલા તરફ દોડી ગયા હતા. તબેલામાંથી એક ભેંસ ઉઠાવીને ચાર શખ્સો વાહનમાં ભરીને લઈ જતા પશુપાલકના નજરે ચઢયા હતા. ભેંસ ભાંભરવા લાગતા પશુપાલક ઉઠી જવાથી તબેલાની બીજી ભેંસો બચી ગઈ હતી. રૂ.૫૦હજારની એક ભેંસની ચોરી અંગે રાજેશભાઈ પ્રજાપતિએ ફરિયાદ આપતા ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે.

## મહેસુલ વિભાગે વોલીબોલ સ્પર્ધામાં ચેમ્પિયનશીપ જાળવી

ગાંધીનગર, તા.૨૨

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આયોજિત સચિવાલય આંતર વિભાગીય વોલીબોલ સ્પર્ધા ૨૦૧૬-૧૭ અંતર્ગત સચિવાલય જીમખાના ખાતે યોજાઈ હતી. મહેસુલ વિભાગ અને માર્ગ મકાન વિભાગ વચ્ચે ફાઈનલ મેચમાં માર્ગ અને મકાન વિભાગ સામે મહેસુલ વિભાગ વિજેતા બનેલ છે. મહેસુલ વિભાગે ચેમ્પીયનશીપની પરંપરા જાળવી રાખી મહેસુલ વિભાગનું નામ રોશન કરેલ છે.

વોલીબોલ ટીમમાં એમ.વી. નિનામા, એસ.આર. સોલંકી, આર.ડી.મકવાણા, કે.બી. પટણી, પી.સી. ગટાડ, જીગ્નેશ ચૌધરી, વી.એ. પંચાલ, કે.બી. ગોહિલ, યશ દેસાઈ અને ડી.જે. ચૌધરી ચેમ્પિયશીપ રમેલ હતા.

## શ્રમજીવી વર્ગના બાળકોના અભ્યાસ અર્થે શૈક્ષણિક કીટની સહાય

શ્રમજીવી પરિવારોના બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપવા માટે છેલ્લા ૭ વર્ષથી શૈક્ષણિક વર્ગો ચલાવાય છે. આ વર્ગો શહેરના જાણીતા શિક્ષણવિદ ડૉ. સોમભાઈ પટેલ દ્વારા ચલાવાય છે. આ વર્ગોમાં અભ્યાસ કરતા આશરે ૩૫ બાળકો માટે પેથાપુર સ્ટેટના વારસ નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. રૂપકમલ દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.




શહેરની સુપ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થા કડી સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેકટર અને પી.એચ.ડી. થયેલ જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલ દ્વારા તેમના નિવૃત્તિ કાળની પ્રવૃત્તિના ભાગરૂપે ઘ-૬ સર્કલ નજીકની ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ભણાવવાનો શ્રમયજ્ઞ કરે છે. આ વર્ગોમાં તેઓ બાળકોને પાયાનું શિક્ષણ રસપૂર્વક અને નિષ્ઠાથી આપે છે જેના કારણે અનેક સેવાભાવી દાતાઓ આ વર્ગોને મદદરૂપ થવા પ્રેરાય છે. આવા જ એક દાતા પ્રો. રૂપકમલ જેઓ પેથાપુર સ્ટેટના રાજવી પરિવારના વારસ હોવા ઉપરાંત ઉમા આર્ટસ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક છે તેમણે મંગળવાર બાળકોને નોટબુક, પુસ્તક, કંપાસબોક્ષ વગેરે સહિતની ૩૫ શૈક્ષણિક કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.

## ગાંધીનગર અક્ષરધામ હરિમંદિર ખાતે બ્રહ્મસત્ર એક દિવસીય શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં અક્ષરધામ હરિમંદિર ગાંધીનગર ખાતે અક્ષર દેરીને ૨૦૧૮માં ૧૫૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તેના મહત્વ અંગેની બ્રહ્મસત્ર નામથી એક દિવસીય શિબિર યોજાઈ હતી.

આ શિબિરમાં સારંગપુર સ્વામિનારાયણ મંદિરના સંસ્કૃત વિદ્યાલયના પ્રાચાર્ય સંતશ્રી આત્મતૃપ્ત સ્વામીએ આ એક દિવસીય શિબિરમાં દિવસ દરમ્યાન સતત પાંચ કલાકથી પણ વધુ અક્ષરદેરી, ગુણાતીતાનંદ સ્વામીની સર્વોપરીતા, અક્ષરબ્રહ્મનો મહિમા, ગુણાતીતાનંદ સ્વામીનું અદ્વિતીય કાર્ય, ગુણાતીત સંદેશ, ગુણાતીત પરંપરા વગેરે જેવા જુદા જુદા વિષયો ઉપર ખુબ જ સુંદર વિગતવાર પ્રસ્તુતિ કરી હતી.

ગાંધીનગર અક્ષરધામના મહંત આનંદસ્વરૂપસ્વામીએ દિવસ દરમ્યાન ચાલેલી આ શિબિરના દરેક વિષયોની ટૂંકમાં સમીક્ષાસહ પ્રવચન કર્યુ હતું.

પ્રારંભમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ, જાખોરા અને ગાંધીનગર ક્ષેત્રના નિરીક્ષકશ્રીઓ દ્વારા સંતશ્રી આત્મતૃપ્ત સ્વામીનું ફુલહારથી સ્વાગત સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ શિબિરનો ગાંધીનગર જિલ્લા-શહેરના મહાનુભાવો, સંત્સંગી ભાઈ—બહેનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગાંધીનગર અક્ષરધામ હરિમંદિર ખાતે બી.એ.પી.એસ સંસ્થા દ્વારા દર બે વર્ષે સ્વામિનારાયણ ભગવાન અથવા તે ધર્મને અનુસરી બ્રહ્મસત્ર શિબિર યોજવામાં આવે છે.

### વાતવાતમાં

● ગાંધીનગર બ્રહ્માકુમારીના વડા કૈલાશદીદીને મણકાનો દુઃખાવો ઉપડતા અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં સારવાર અર્થે બે દિવસ પૂર્વે દાખલ કરાયા હતા. બુધવારે સવારે તેમના ઉપર શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. હવે તેઓનું સ્વાસ્થ્ય સુધરતું જાય છે.

● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા તા. ૨૬મી માર્ચ રવિવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સે-૬ની સરકારી પ્રાથમિક શાળા ખાતે રસોઈ શૉનું આયોજન કરવામાં આવ્યું છે. આ રસોઈ શૉમાં કુકીંગ નિષ્ણાંત તથા સંદેશ ખાના-ખજાનાના વિજેતા ગીતાબેન ખુમાણ દ્વારા શહેરની મહિલાઓને વિવિધ વાનગીઓની રેસિપિની તાલીમ નિઃશુલ્ક રીતે આપશે.

## મધુરમ ફાઉન્ડેશન દ્વારા ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

મધુરમ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા આગામી તા.૨૫ માર્ચને શનિવારના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૮.૪૫ કલાકે ગીત-સંગીત તથા હાસ્યરસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વરા મ્યુઝીક ટેલેન્ટ કલબના સભ્યોના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમના સભ્યો અને હોદેદારોએ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ પાસ મેળવી લેવાનો રહેશે. તેવું સંસ્થાના પ્રમુખ મધુબેન.બી. પ્રજાપતિ એ જણાવ્યું છે. તેમજ આગળની બે હરોળ આમંત્રિત મહેમાનો માટે આરક્ષિત રાખવામાં આવી છે.

## પ્રાઈમસમાં ભડકો થતા દાઝી ગયેલી મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામમાં રહેતી ૩૦ વર્ષીય મહિલા શારદાબેન વિક્રમજી ઠાકર ૧૭ તારીખે બપોરે પોતાના ઘરે પ્રાઈમસ પર રસોઈ બનાવી રહી હતી તે દરમિયાન પ્રાઈમસમાં અચાનક ભડકો થતાં શારદાબેન દાઝી જતા ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયા હતા. ગઈ રાત્રે સારવાર દરમિયાન હોસ્પિટલમાં જ તેણીનું મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે અક્સ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી પીએસઆઈ પંડયાએ વધુ તપાસ શરુ કરી છે.

## સિસિકા દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

સિનિસર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર અને અર્બન હેલ્થ સેન્ટરના સંયુકત ઉપક્રમે સેકટરના અર્બન હેલ્થ સેન્ટરમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં શહેરના નામાંકિત તજજ્ઞોએ સેવા આપી હતી. ૨૯૪ દર્દીઓએ લાભ લીધો હતો. મેયર પ્રવિણભાઈ પટેલે હાજર રહી કેમ્પ યોજકોની સાથોસાથ તજજ્ઞ ડૉકટરોની સેવાઓને બિરદાવી હતી. મેયરશ્રીએ સેવાભાવી સંસ્થાઓને વિના મૂલ્યે કેમ્પ અવારનવાર યોજવા પણ જણાવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. જગદીશભાઈ બળદેવદાસ શાહ, ઉ.વ. ७६
- સ્વ. લીલાબેન ગોવિંદભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૨
- સ્વ. શારદાબેન વિક્રમજી મકવાણા, ઉ.વ. ૩૦

# બાળકોએ ચિત્રો દોરી તેમના અધિકારો પ્રત્યક્ષ કર્યા

## બાળ અધિકાર સંરક્ષણ આયોગ આયોજિત ચિત્ર સ્પર્ધામાં શહેરના ૧૮૫ બાળકો જોડાયા : પ્રથમ દસ વિજેતા બાળકોના ચિત્રો સ્વર્ણિમ સંકુલની શોભા બનશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા આજે સેકટર-૧૭માં મધ્યસ્થ ગ્રંથાલય સામેના કમ્પાઉન્ડમાં બાળકો માટેના કાયદાઓ અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગર શહેરની વિવિધ શાળાઓના ધો-૯માં અભ્યાસ કરતા ૧૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ચિત્ર સ્પર્ધામાં વિજેતા થનાર પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓના ચિત્રોને મુખ્યમંત્રી તથા અન્ય મંત્રીઓના કાર્યાલયમાં સજાવવામાં આવશે.

> 'બાળકોને વિવિધ કાયદાઓ જેવા કે જયુનાઈલ જસ્ટીસ એકટ-૨૦૧૫, પોકસો એકટ-૨૦૧૨, રાઈટ ટુ એજયુકેશન એકટ, બાલ મજદૂરી વિરોધી કાયદો વગેરે દ્વારા સરંક્ષિત કરાયા છે પરંતુ બાળકો પોતાના આ અધિકારો બાબતે અવગત હોતા નથી. બાળકો આ કાયદાઓ તથા અધિકારો પ્રત્યે અવગત થાય તથા તેમના અધિકારો અંગે જાણકારી કેળવે તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધાને ખૂબ સારો પ્રતિસાદ સાંપડયો છે તેનો મને આનંદ છે.'
>
> **- એસ.કે. મોદી**
> **સચિવ, બાળ અધિકાર સંરક્ષણ આયોગ**

બાળ અધિકાર આયોગ દ્વારા અવારનવાર બાળકો માટેના કાયદાઓ અંગે બાળકોમાં જાણકારી વધે તે હેતુથી વર્કશોપ, સ્ટેજ શૉ જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વખતે પહેલીવાર અભિનવ પ્રયોગ હાથ ધરતા આયોગ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધામાં બાળ અધિકાર સંરક્ષણ આયોગના સચિવ એસ.કે. મોદી તથા નાયબ સચિવ વી.જે. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં જરુરી તમામ સામગ્રી બાળકોને આયોગ દ્વારા પુરી પાડવામાં આવી હતી. ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ત્રણ વિષય નિષ્ણાંતોને જવાબદારી સોંપવામાં આવી હતી. સ્પર્ધામાં શહેરની વિવિધ શાળાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ૧૮૫ બાળકો જોડાયા હતા તેમાંથી પ્રથમ દસ ક્રમાંક પસંદગી પામનાર વિદ્યાર્થીઓને ઈનામોથી નવાજવામાં આવશે તથા તેમના ચિત્રોને નવા સચિવાલય સ્વર્ણિમ સંકુલ ખાતે મુખ્યમંત્રી સહિત મંત્રી કાર્યાલયોની શોભાની અભિવૃધ્ધિ માટે લગાડાશે. જેના પર ચિત્ર તૈયાર કરનાર બાળકના નામ સાથેની વિગત પણ દર્શાવાશે.

